
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૯૧ | ૧૧ જુન, ૨૦૧૯, મંગળવાર; જયેષ્ઠ સુદ - ૯ | પાના - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં પ્રચંડ વાવાઝોડાનો ખતરો

**"વાયુ" વાવાઝોડું સૌરાષ્ટ્ર નજીક પહોંચ્યું : આગામી ૨૪ કલાકમાં ચક્રવાતી તોફાનની આશંકા, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના : સંબધિત વિભાગોને એલર્ટ કરાયા : ૧૦૦ કિમીની ઝડપે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૧૨ અને ૧૩ જૂને વાવાઝોડા સાથે વરસાદની આગાહી : વાવાઝોડા સાથે ભારે વરસાદથી કાંઠાના વિસ્તારમાં નુકસાન થઇ શકે : અરબી સમુદ્રમાં ડીપ્રેશન-સીસ્ટમને લઇ સૌરાષ્ટ્ર તરફ આગળ વધતો વરસાદ અને વાવાઝોડું : બંદરો પર ૧ નંબરના સિગ્નલ**




અમદાવાદ, તા.૧૦

ગુજરાત ઉપર પ્રચંડ વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે જેના પરિણામ સ્વરુપે તંત્ર સાબદુ બની ગયું છે. ૧૨ અને ૧૩મી જૂનના દિવસે જોરદાર વાવાઝોડા સાથે ભારે વરસાદ પડી શકે છે જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં નુકસાન થવાની સંભાવના પણ દેખાઈ રહી છે. દરેક બંદર ઉપર એક નંબરનું સિગ્નલ મુકી દેવામાં આવ્યું છે. સાથે સાથે માછીમારોને દરિયામાં ન જવાની સૂચના આપવામાં આવી છે. પૂર્વ મધ્ય અને નજીકના દક્ષિણ પૂર્વ અરેબિયન દરિયામાં ડિપ્રેશનની સ્થિતિ સર્જાઈ છે અને તે છેલ્લા છ કલાકમાં ૧૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું છે. ડિપડિપ્રેશનની સ્થિતિ વધુ તીવ્ર બની છે અને વાવાઝોડામાં ફેરવાઈ જવાથી ખતરો તોળાઈ રહ્યો છે. આગામી ૨૪ કલાકમાં ચક્રવાતી વાવાઝોડુ વધુ તીવ્ર બનશે. બેઠકોના દોર ચાલી રહ્યા છે. ચાર ઈંચ સુધીનો વરસાદ થઈ શકે છે. સાથે સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં નુકસાન પણ થઈ શકે છે. દરિયામાં ઉંચા મોજા પણ ઉછળી શકે છે. રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છમાં તા.૧૨ અને ૧૩ જૂનના રોજ જોરદાર વાવાઝોડા સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલી સીસ્ટમના કારણે ૧૦૦ કિમીની ઝડપે પવન ફુંકાવાની સંભાવના છે. ભારે વાવાઝોડા સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહીને લઈ રાજ્ય સરકાર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અને તંત્રના

● અનુસંધાન પાન-૭ પર

## જૂનના પ્રથમ નવ દિવસમાં ૪૫ ટકા ઓછો વરસાદ

**કેરળમાં મોનસુન એક સપ્તાહ મોડેથી પહોંચી ગયા બાદ દેશના અન્ય ભાગોમાં પણ મોનસુન મોડેથી પહોંચે તેવી સંભાવના : ખેડુત અને કેન્દ્ર સરકાર ચિંતાતુર**



નવી દિલ્હી, તા. ૧૦

ભારતીય હવામાન વિભાગે સાફ શબ્દોમાં કહ્યુ છે કે મોનસુનમાં વિલંબના કારણે જુનના પ્રથમ નવ દિવસના ગાળામાં જ વરસાદમાં ૪૫ ટકા સુધીનો નોંધપાત્ર ઘટાડો થઇ ગયો છે. જે તમામ માટે ચિંતા ઉપજાવે તેવા આંકડા છે. મોનસુનની એન્ટ્રી આ વખતે નિર્ધારિત તારીખ કરતા એક સપ્તાહ બાદ થઇ છે. કેરળમાં મોનસુનની એન્ટ્રી આ વખતે એક સપ્તાહના વિલંબ બાદ થઇ છે. જેથી દેશના અન્ય ભાગોમાં પણ મોનસુન મોડેથી પહોંચે તેવી શક્યતા છે. આના કારણે દેશના જુદા જુદા રાજ્યોમાં કૃષિ સમુદાય સાથે જોડાયેલા ખેડુતો અને સંબંધિત વિભાગના અધિકારીઓમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે દેશમાં ૩૨.૪ મિલિમીટરના સામાન્ય વરસાદની સામે માત્ર ૧૭.૭ મિલીમીટર વરસાદ થયો છે. જેના કારણે વરસાદમાં ઘટાડો આશરે ૪૫ ટકાની આસપાસ રહ્યો છે.

# ઓલરાઉન્ડર યુવરાજની ક્રિકેટમાંથી નિવૃત્તિ

નવીદિલ્હી, તા. ૧૦

ટીમ ઈન્ડિયાના ચેમ્પિયન ઓલરાઉન્ડર યુવરાજસિંહે આજે ક્રિકેટના તમામ સ્વરુપમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. આની સાથે જ એક સારા યુગનો અંત આવ્યો હતો. યુવરાજસિંહે ભારતને વર્લ્ડકપ અપાવવામાં પણ ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. યુવરાજસિંહે બે વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૦૭માં વર્લ્ડકપ ટી-૨૦ અને ૨૦૧૧ના વર્લ્ડકપમાં ભાગ લીધો હતી અને બંને વર્લ્ડકપમાં ભારતને જીત અપાવવામાં ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. ૨૦૧૭ બાદથી યુવરાજસિંહની પસંદગી ભારતીય ટીમમાં કરવામાં આવી રહી ન હતી. એમ માનવામાં આવે છે કે, ૩૭ વર્ષીય યુવરાજસિંહ આઈસીસીથી માન્યતા પ્રાપ્ત વિદેશી ટી-૨૦ લીગમાં ફ્રીલાન્સ ક્રિકેટર તરીકે કેરિયર બનાવવા ઈચ્છુક છે. જીટી-૨૦ (કેનેડા), આયર્લેન્ડ અને હોલેન્ડમાં યુરો-ટી-૨૦માં રમવાની ઓફર મળી રહી છે. આ સ્ટાઈલિસ્ટ બેટ્સમેને છેલ્લે ભારત માટે ફેબ્રુઆરી ૨૦૧૭માં ઈંગ્લેન્ડ સામે ટી-૨૦ મેચ રમી હતી. આ પહેલા તે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૧૭માં રમ્યો

**બે વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભારતને જીતાડવામાં મુખ્ય ભૂમિકા હતી : યુવરાજે ભારત તરફથી ૪૦ ટેસ્ટ મેચો, ૩૦૧ વનડે અને ૫૮ ટ્વેન્ટી મેચો રમી હતી : બ્રોડના એક જ ઓવરમાં ૬ છગ્ગાને ચાહકો ક્યારેય ભુલશે નહીં**

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### પાક.માં આર્થિક સંકટ ગહેરાયુ

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને સંપતિ ઘોષણાની યોજના જાહેર કરી છે. જે અંતર્ગત નાગરિકો પાસેથી સંપતિની જાણકારી માંગવામાં આવી રહી છે. આર્થિક સંકટ ગહેરાતા વડાપ્રધાન ઈમરાન ખાને આ યોજના જાહેર કરી ટેક્સ ભરવા અપીલ કરી છે.

### પાક.ના પૂર્વ રાષ્ટ્રપતિની ધરપકડ

પાકિસ્તાનના મીડિયામાંથી આવેલી ખબરો અનુસાર પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ આસિફઅલી જરદારીની મની લોન્ડ્રીંગ મામલે ધરપકડ કરવામાં આવી છે. ઈસ્લામાબાદ કોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી હતી.

### ૨૮ ટકાના સ્લેબમાંથી અનેક ચીજવસ્તુઓ દૂર થશે

૨૦ જૂને યોજાનારી જીએસટી કાઉન્સિલની બેઠકમાં ઓટો મોબાઈલ સહિત કેટલીક આઈટમ્સને ૨૮ ટકાના સ્લેબમાંથી હટાવાનો નિર્ણય લેવાશે. ઈલેક્ટ્રોનિક ઈન વોયસિંગ શરૂ કરવા પણ વિચારાશે.

### રાજસ્થાનનું ધોલપુર દેશનું હોટેસ્ટ સિટી

આગની ભઠ્ઠીની જેમ શેકાઈ રહેલા રાજસ્થાનમાં રવિવારે ગરમીના તમામ રેકોર્ડ તૂટ્યા છે. રાજસ્થાનના ધોલપુરમાં રવિવારે તાપમાનનો પારો ૫૦ ડિગ્રીએ પહોંચ્યો હતો. ધોલપુર છેલ્લા ચાર દિવસથી રાજસ્થાનનું સૌથી ગરમ સ્થળ રહ્યું છે.

### મુંબઇમાં મોન્સૂનની એન્ટ્રી

મોન્સુન કેરળના તટ પર શનિવારે આવી પહોંચ્યા બાદ વરસાદ શરૂ થયો હતો અને ત્યારબાદ મુંબઈ સહિત દેશને ઈન્તેજાર હતો પરંતુ અંતે મુંબઈનો ઈન્તેજાર પૂરો થયો છે અને મુંબઈના અનેક વિસ્તારોમાં આજે વહેલી સવારે અને રાત્રે પણ હળવો વરસાદ પડી ગયો છે.

# બંગાળમાં રાષ્ટ્રપતિ શાસનના ભણકારા

**બંગાળ હિંસા મામલે મોદી અને શાહની સાથે રાજ્યપાલ ત્રિપાઠીની મંત્રણા : ત્રિપાઠીની વાતચીતથી મમતા બેનર્જી એકાએક બેચેન થયા : બંગાળમાં ચૂંટણી બાદ રાજકીય હિંસા પર રાજકીય તોફાન વચ્ચે રાજ્યપાલે અમિત શાહને ૪૮ પાનાનો અહેવાલ સોંપ્યો : રાષ્ટ્રપતિ શાસનની માંગ ઉઠી**

નવીદિલ્હી, તા. ૧૦

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ રાજકીય હિંસાને લઈને રાજકીય તોફાનની સ્થિતિ વચ્ચે આજે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠી સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા. ત્રિપાઠીની મોદી અને અમિત શાહ સાથે બેઠકના પરિણામ સ્વરુપે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી બેચેન દેખાઈ રહ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ત્રિપાઠીએ રાજ્યમાં રાજકીય હિંસા અને વર્તમાન સ્થિતિ અંગે અમિત શાહને ૪૮ પાનાનો અહેવાલ સુપ્રત કર્યો છે. જો કે, ગૃહમંત્રી સાથે બેઠક બાદ ત્રિપાઠીએ આને શિષ્ટાચારની ભેંટ તરીકે ગણાવી હતી. રાજ્યની સ્થિતિ અંગે તેઓએ માહિતી આપી છે. બંગાળમાં હિંસાને લઈને હજુ વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની વણસતી જતી સ્થિતિને લઈને નિવેદન જારી કરાયાના એક દિવસ અમિત શાહે આજે આંતરિક સુરક્ષાના પાસા ઉપર ઉચ્ચ સ્તરીય



બેઠક યોજી હતી. બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં બંગાળની રાજનીતિ પર ચર્ચા કરવામાં આવી હતી. રાજકીય હિંસાને લઈને સ્થિતિ વણસી રહી છે. બેઠક પૂર્ણ થયા બાદ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીએ અમિત શાહ સાથે બેઠક યોજી હતી. મોદી સાથે પણ કેસરીનાથ ત્રિપાઠીએ બેઠક યોજી હતી. પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની સંભાવનાના સંદર્ભમાં પુછવામાં આવતા ત્રિપાઠીએ કહ્યું હતું કે, બેઠક દરમિયાન આવી કોઈ વાતચીત થઈ નથી. રાજ્યપાલે લોકસભા ચૂંટણી બાદ વડાપ્રધાન અને ગૃહમંત્રી સાથે પ્રથમ વખત બેઠક યોજી હતી. બંગાળના ગવર્નર ત્રિપાઠીએ આ અંગેની બાબતને સમર્થન આપ્યું હતું કે, તેઓ રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપિત કરવા માટે એક સર્વપક્ષીય બેઠક માટેનો પ્રસ્તાવ મુકવા જઈ રહ્યા છે. તમામને કોલ કરવામાં આવશે. બેઠકમાં મમતા બેનર્જી સામેલ થશે તો તેમનું પણ સ્વાગત કરવામાં આવશે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીએ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની માંગ કરી છે. પશ્ચિમ બંગાળ પ્રભારી કૈલાશ વિજયવર્ગીય સહિત અનેક નેતા પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની માંગ કરી ચુક્યા છે. વિજયવર્ગીયનું કહેવું છે કે, જો સ્થિતિ નહીં સુધરે તો રાષ્ટ્રપતિ શાસનની માંગણી તીવ્ર કરવામાં આવશે. ભાજપના સાંસદ સૌમિત્ર ખાને રાજ્યમાં કલમ ૩૫૬નો ઉપયોગ કરીને મમતા સરકારને બરખાસ્ત કરવાની માંગ કરી છે. ત્રિપાઠીએ કહ્યું છે કે, પાંચ છ દિવસ પહેલા વડાપ્રધાનને મળવાનો સમય માંગ્યો હતો. બંગાળમાં ભારતીય જનતા પાર્ટીએ આજે કાળા દિવસ તરીકેની ઉજવણી પણ કરી હતી અને વિરોધ પ્રદર્શન પણ કર્યા હતા.

# લોકપ્રિય લેખક, નાટ્યકાર ગિરીશ કર્નાડનુ નિધન

**૮૧ વર્ષની વયે અવસાન : ગિરિશ કર્નાડે સાઉથ અને બોલિવુડની ફિલ્મમાં કામ કર્યુ**

બોલીવુડના જાણિતા એક્ટર-ડિરેક્ટર અને નાટકો માટે જેમનું નામ માનથી લેવાય છે તેવા કલાકાર ગિરીશ કર્નાડનું સોમવારે ૮૧ વર્ષની ઉંમરમાં નિધન થઈ ગયું છે. તેઓ છેલ્લા ઘણા દિવસોથી બીમાર હતા.

ગિરીશ કર્નાડનો જન્મ ૧૯ મે ૧૯૩૮ના રોજ મહારાષ્ટ્રના માથેરાનમાં થયો હતો. તેમને ભારતના જાણિતા સમકાલીન લેખક, અભિનેતા, ફિલ્મ નિર્દેશક અને નાટકકાર તરીકે પણ ઓળખવામાં આવતા હતા. તેમની હિંદીની સાથે કન્નડ અને અંગ્રેજી ભાષા પર સારી એવી પકડ હતી.

### પ્રધાનમંત્રીની ભાવભીની અંજલિ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ટ્વીટ કર્યું છે કે, 'ગિરીશ કર્નાડને દરેક માધ્યમમાં તેમની બહુમુખી પ્રતિભા માટે યાદ કરવામાં આવશે. તેઓ પોતાને ગમતા વિષયમાં પૂરી ભાવુકતા સાથે કામ લેતા હતા. તેમના કામને આવનારા સમયમાં પણ યાદ રાખવામાં આવશે. તેમના અવસાનથી દુઃખ થયું. તેમની આત્માને શાંતિ મળે.'

જાણીતા કલાકાર કમલ હસને લખ્યું છે, 'ગિરીશ કર્નાડની પટકથાઓ એટલી સારી હતી કે મને હંમેશાં પ્રેરિત કરતી હતી. તેઓ પોતાના ઘણા પ્રશંસક લેખકોને છોડી ગયા છે. જેમનાં કામ કદાચ ગિરીશ કર્નાડના જવાથી સર્જાયેલા ખાલીપાને આંશિક રીતે ભરી શકશે.'



૧૯૭૦માં કન્નડ ફિલ્મ 'સંસ્કાર'થી તેમણે પોતાની ફિલ્મી સફરની શરૂઆત કરી હતી. આ ફિલ્મને રાષ્ટ્રપતિનો ગોલ્ડન લોટસ પુરસ્કાર મળ્યો હતો. આર કે નારાયણના પુસ્તક પર આધારિત ટીવી સીરિયલ માલગુડી ડેઝમાં તેમણે સ્વામીના પિતાની ભૂમિકા ભજવી હતી. ૧૯૯૦ની શરૂઆતમાં વિજ્ઞાન આધારિત એક ટીવી કાર્યક્રમ ટર્નિંગ ઈન્ટમાં તેમણે હોસ્ટની ભૂમિકા ભજવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

કૈલાસ માનસરોવર યાત્રા
R K VACATIONS PVT. LTD.
079-40 40 35 35 | 61 61 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

શિવરંજની
"શિવરંજની" વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રારંભે
તા.૨૧ અને ૨૨ જૂનના રોજ બે દિવસનો
"સ્વરોત્સવ-૨૦૧૯"
(૧) વિખ્યાત લોકગાયક શ્રી પ્રફુલ્લ દવે સૂરીલા સંતાનો સાથે..."ડાયરો"
(૨) "મિલેનીયમ કોહીનૂર સુર સામ્રાજ્ઞી લતાજી"- ડો. ફાલ્ગુની અને અન્ય

| | |
|---|---|
| ગ્રૂપ વિશેષ સહકાર | રૂ.૨૨૦૦/- પ્રતિ વ્યક્તિ (A, B,C અને D રોટેશનથી) |
| ગ્રૂપ-A | રૂ.૧૨૦૦/- પ્રતિ વ્યક્તિ (E થી L રોટેશનથી) |
| ગ્રૂપ-B | રૂ.૬૦૦/- પ્રતિ વ્યક્તિ (M થી વહેલા તે પહેલાના ધોરણે) |

સભ્યપદ માટે સંપર્ક
શ્રી જયરાજસિંહ સરવૈયા - ૯૮૨૫૨૫૩૯૩૩ (સે.૨/એ)
શ્રી પિનાકીન વ્યાસ - ૯૮૭૯૭૪૧૯૯૪ (સે.૪/સી)
શ્રી ભાવિન પટેલ - ૯૮૭૯૦૫૭૫૫૬ (સે.૨૭)
સુશ્રી ઉમાબેન ભટ્ટ - ૯૯૦૪૧૫૮૩૬૯ (સે.૨૨)
શ્રી મહેન્દ્રભાઈ ભાવસાર - ૯૮૨૫૪૬૩૮૩૫ (સે.૫/બી)
શ્રી હરેશ ભટ્ટ- ૯૮૨૫૩૮૭૦૭૮ (સે.૭)
શ્રી દર્પણ બૂચ - ૯૮૨૫૨૬૭૦૬૧ (સે.૨૮)
અન્ય તમામ કારોબારી સભ્યો
વર્ષમાં ડાયરો, ગઝલ, ગુજરાતી સુગમ સંગીત, જુના ફિલ્મી ગીતો, ભક્તિ સંગીત જેવા કાર્યક્રમો
તમામ ગ્રુપમાં સભ્યપદ નોંધણી ચાલુ
તા.ક.સંસ્થાના ઓડીટેડ હિસાબો દર વર્ષે ઉપલબ્ધ હોય છે.
વાગ્મિન બૂચ (પ્રમુખ, શિવરંજની)
સંપર્ક : ૯૯૦૯૯ ૦૦૬૫૦ (સે.૭/એ)

FS Future Solutions Group
Perfect solutions for all your needs
AUTOMATION
AIR-CONDITIONING
POWER BACKUP
Authorized Channel Partners & System Integrators
Control4 | B. Berker by hager
Authorised Dealer
DAIKIN
Authorised Premium Dealer
EATON UPS
CORPORATE OFFICE
Hani House, Shyamal Cross Roads, Satellite, Ahmedbad.
+91 79 26746605 / 06, +91 99789 69242
DAIKIN SOLUTION PLAZA
Jyoti Plaza, Shyamal Cross Roads, Satellite, Ahmedbad.
+91 79 26746605 / 06, +91 99789 69242
GANDHINAGAR SHOWROOM
5/GF, Ugati Corporate Park, Opp. Pratik Mall, Nr.HDFC Bank, Kudasan.
079 2360 0789
futuresoluindia@gmail.com | www.futuresoluindia.com